# ધનજી ઓડ ઉર્ફે ઢબુડી માતાની આગોતરા જામીન અરજી નામંજુર

### જિલ્લા સરકારી વકીલ હિતેશ. એન. રાવલ દ્વારા ધારદાર દલીલો

ગાંધીનગર તા ૭

ધનજી ઓડ ઉર્ફે ઢબુડી માતાના આગોતરા જામીન અરજી અન્વયે ગઈકાલે કોર્ટમાં બન્ને પક્ષોની દલીલો રજુ કરાયા બાદ આજે ગાંધીનગર એડિશ્નલ ડીસ્ટ્રીટક કોર્ટે ધનજી ઓડ ઉર્ફે ઢબુડી માતાની આગોતરા જામીન અરજી નામંજુર કરી છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર ભીખાભાઈ નારણભાઈ માણીયા નામની વ્યકિતએ પોલીસ સ્ટેશનમાં અરજી આપી હતી કે તેમના દિકરાને વર્ષ ૨૦૧૨ માં કેન્સર થયુ હતુ અને વર્ષ ૨૦૧૬ માં તેમનુ મૃત્યુ નિપજયુ છે. જયારે આ મામલે રૂપાલના ધનજી ઓડે તેને દવા બંધ કરી દેવા માટે જણાંવ્યુ હતુ જયારે ત્યારબાદ તેમના પુત્રનુ અવસાન થયુ હતુ. પુજા બાધાના અંતે પણ પુત્રને સારુ થયુ ન હતુ જયારે આ મામલે પોલીસે ધનજી ઓડના ઘરે નોટીસ ચોંટાડી હાજર થવા કહ્યુ હતુ પરંતુ આ નોટીસના અંતે પણ ધનજી ઓડ હાજર રહ્યા ન હતા.

આ ઉપરાંત મિડીયા કર્મચારીને પણ તેમના સેવક પ્રવિણભાઈએ ફોન મારફતે ધમકી આપી હતી. જોગણી માતાના ભુવા તરીકે ઓળખ પ્રસ્થાપિત કરી ઢબુડી માતા બનીને લોકોએ છેતરપીંડી કરી છે. જયારે વરદાયિની માતાના મંદિર વિશે પણ ખોટી વાતો ફેલાવી છે. વિજ્ઞાન જાથાની મદદથી સમગ્ર મામલાનો પર્દાફાશ થયો છે. જયારે આ સ્થિતિને ધ્યાને લઈ ધનજી ઓડે ગાંધીનગર કોર્ટમાં આગોતરા જામીન અરજી રજુ કરી હતી.

ગઈકાલે બન્ને પક્ષોની દલીલોના અંતે આજે કોર્ટે જામન અરજી સંદર્ભે ચુકાદો આપ્યો હતો. આ કેસમાં જિલ્લા સરકારી વકીલ હિતેશ એન રાવલે હાજર રહી દલીલો કરી હતી. આ તમામ બાબતો તેમજ પોલીસનુ અફિડેવિટ ધ્યાને લઈ ગાંધીનગરના અડિશ્નલ સેસન્સ જજ એસ એન સોલંકીએ ધનજી ઓડ ઉર્ફે ઢબુડી માતાની આગોતરા જામીન અરજી નામંજુર કરવાનો આદેશ કર્યો છે.



ગાંધીનગર શહેરના રાજમાર્ગો સેવા કેન્દ્રોથી ધમધમી રહ્યા છે. પદયાત્રાળુઓને ચા-પાણી, નાસ્તો, જમવાનુ, આરામકક્ષ, મોબાઈલ ચાર્જર અને મેડીસીન સહિતની સુવિધા પુરી પાડવામાં આવે છે. ત્યારે શહેરના પ્રવેશદ્વાર ચ-૦ ખાતે પંચદેવ યુવક મિત્ર મંડળ સેવા કેન્દ્રની મુલાકાત મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને તેમના ધર્મપત્નીએ લીધી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રી વિજયભાઈએ અંબાજી જતા પદયાત્રીઓને શુભેચ્છા આપી હતી. માતાજી આપની મનોકામના પૂર્ણ કરે તેમ કહ્યુ હતુ.

# પેટા ચૂંટણીના જંગ માટે કોંગ્રેસ પક્ષે તૈયારીઓ આરંભી

ગાંધીનગર, તા. ૭

ગુજરાત વિધાનસભાની ખાલી પડેલી બેઠકોની પેટા-ચૂંટણી અંગે કોંગ્રેસ પક્ષ દ્વારા તેની તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

આજે ગાંધીનગર સરકીટહાઉસ ખાતે પ્રદેશ પ્રભારી રાજીવ સાતવજી, જીતેન્દ્ર બધેલ અનો પ્રદેશ આગેવાનોની હાજરીમાં આ અંગે જે બેઠકોની ચૂંટણી યોજાવાની છે તે જિલ્લાના આગેવાનો સહિતના અગ્રણીઓની બેઠક બોલાવવામાં આવી હતી.

બપોરે ૧૨ વાગ્યા પછી શરૂ થયેલી આ બેઠક સાંજે સાત વાગ્યા સુધી ચાલી હતી. જેમાં આ બેઠકોની સ્થિતિ અંગે રાજકીય સમીક્ષા કરવામાં આવી હતી. આ ઉપરાંત તે માટેની તૈયારીઓ અંગે પણ ચર્ચાઓ થઈ હતી.

આ સમીક્ષામાં જે જિલ્લાના આગેવાનોને જવાબદારી સોંપવામાં આવી છે તેમની સાથે રાજકીય પરિસ્થિતિની સમીક્ષા કરાઈ હતી.

આ વિધાનસભા મત વિસ્તારોમાં પેજપ્રમુખો સાથે શું બેઠકો થઈ ? ત્યાં કેવી સ્થિતિ છે ? આ તાલુકાના ક્યા મુદ્દાઓ પર ધ્યાન આપવાની જરૂર છે ? કોંગ્રેસ માટે કેવુ વાતાવરણ છે ? ઉમેદવાર કેવો હોવો જોઈએ ? રાજીનામુ આપી જનારાઓ સામે રોષ છે કે કેમ ? જેવા વિવિધ પ્રશ્નો સાથે સમગ્ર ચિત્ર મેળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

પક્ષના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આગામી દિવસોમાં એકાદ સપ્તાહમાં પુનઃ આવી જ બેઠક ગાંધીનગર અથવા અમદાવાદ ખાતે યોજવામાં આવશે. જેમાં ઉમેદવારોને લઈ સમીક્ષા થશે તેમ મનાઈ રહ્યુ છે.

## કલોલ પ્રાંત અધિકારી તરીકે એ.ડી. જોશી નિમાયા

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લાના કલોલ પ્રાંત અધિકારી તરીકે એ.ડી. જોશીની નિમણુંક કરવામાં આવી છે. જોશી પાલનપુર પ્રાંત અધિકારી તરીકે ફરજો બજાવતા હતા. તેઓની આજે નિયુક્તી કરવામાં આવી છે.

રાજયના મહેસુલ વિભાગે ત્રણ ડેપ્યુટી કલેક્ટરોની બદલી કરી છે. જેમાં પાલનપુર પ્રાંત તરીકે ફરજો બજાવતા એ.ડી. જોશીને કલોલ તો રાધનપુર પ્રાંત એલ.ડી. ગીલવાને પાલનપુર પ્રાંત તરીકે અને પાટણ પ્રાંત તરીકે ફરજો બજાવતા ડી.બી. ટાંકને રાધનપુર પ્રાંત તરીકે નિમવામાં આવ્યા છે.

કલોલ પ્રાંત તરીકે સનદી અધિકારી નેહાકુમારી ફરજો બજાવતા હતા તેઓની ડીડીઓ તરીકે મહિસાગરમાં બદલી થતાં આ જગ્યા ખાલી પડી હતી. હવેથી જોશી એકાદ બે દિવસમાં તેમની નવા જગ્યાનો ચાર્જ સંભાળશે.

# શહેરમાં સ્ટ્રીટ લાઈટની જાળવણીની જવાબદારી હવે મનપા સંભાળશે

### ટૂંકમાં જ મંજુરીના અંતે શહેરના ૧૮ હજાર જેટલા સ્ટ્રીટ લાઇટના થાંભલા જબુકતા રાખવાની કામગીરી કોર્પોરેશન કરશે : તંત્રએ જવાબદારી સંભાળી લેવા કોર્પોરેશનને પત્ર લખ્યો

ગાંધીનગર તા ૭

ગાંધીનગર શહેરના સેકટરો તેમજ મુખ્યમાર્ગો પર અજવાળુ પાથરવા માટે ૧૮ હજાર જેટલા સ્ટ્રીટ લાઈટના થાંભલા છે. દાયકાઓ જુના આ થાંભલામાં અગાઉ એલ ઈ ડી પ્રોજેકટ અન્વયે સફેદ એલ ઈ ડી લાઈટ પણ મુકવામાં આવી છે દિલ્હીની એનર્જી એફિસીયન્સી સર્વિસ લીમીટેડ કંપનીને આ કામગીરી સોપવામા આવી છે. છેલ્લા બે ત્રણ વર્ષથી શહેરમાં સ્ટ્રીટ લાઈટના તમામ થાંભલામાં એલ ઈ ડી લાઈટ ફીટ કરી દેવામાં આવી છે. જયારે એલ ઈ ડી પ્રોજેકટના અંતે નગરના માર્ગો પર સફેદ અજવાળુ પથરાયુ છે. અગાઉ સ્ટ્રીટ લાઈટની જાળવણીનુ કામ ટોરેન્ટ પાવર સંભાળતુ હતુ. જયારે એલ ઈ ડી લાઈટના પ્રોજેકટના અમલની સાથે આ કામગીરી માર્ગ મકાન વિભાગના ઈલેક્ટ્રીટક વિભાગને સોંપવામાં આવી હતી. સ્ટ્રીટ લાઈટના જાળવણી મામલે ટોરેન્ટે હાથ ઉંચા કરી દીધા બાદ આખરે સરકારે સ્ટ્રીટ લાઈટની જાળવણીની જવાબદારી સંભાળી છે. જો કે એલ ઈ ડી લાઈટના પ્રોજેકટના અંતે પણ સેકટરોની શેરીઓમાં સ્ટ્રીટ લાઈટના થાંભલા બંધ રહેતા હોવાની ફરિયાદોનો હજુ અંત આવ્યો નથી. વરસાદી દિવસોમાં પણ સ્ટ્રીટ લાઈટના થાંભલા બંધ હોવાની વિશેષ ફરિયાદો ઉઠવા પામી છે. આવા સંજોગોમાં જવાબદાર એજન્સી પણ અસરકારક કામગીરી કરતી ન હોવાનો સુર ઉઠવા પામ્યો છે. બીજીતરફ સ્ટ્રીટ લાઈટની જાળવણીનુ કામ હવે કોર્પોરેશનને સોંપવા માટે ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. કોર્પોરેશનને સ્ટ્રીટ લાઈટની જવાબદારી સંભાળવા માટે પત્ર લખી જાણ કરતા આ મામલે શહેરી વિકાસ વિભાગ કક્ષાએથી પણ ટુંકમાં સ્ટ્રીટ લાઈટની જાળવણી અન્વયે કોર્પોરેશનને જરૂરી મંજુરી આપી દેવાશે. માર્ગ મકાન વિભાગ દ્વારા પણ કોર્પોરેશનને આ મામલે પત્ર લખી જાણ કરી દેવામાં આવી છે. શહેરમાં સ્ટ્રીટ લાઈટના થાંભલા વારંવાર બંધ રહેતા હોવાનુ ધ્યાને આવે છે. ત્યારે કોર્પોરેશન લાઈટની જાળવણીનુ કામ સંભાળવાની તૈયારી દર્શાવતા આમ નાગિરકોની ફરિયાદોનો ત્વરિત ઉકેલ આવે તેવી પણ અપેક્ષા સેવાઈ રહી છે. બીજીતરફ કટાયેલા અને કંગાળ સ્ટ્રીટ લાઈટના થાંભલાને પણ બદલવા માટે કામગીરી હાથ ધરવાની અનિવાર્યતા છે.

# સે-૨૧ જીમખાના ક્રિકેટની પીચ તૈયાર કરવા માટે ગણદેવી - ચિખલીથી માટી લવાશે

### સ્ટેડિયમ બાદ હવે પીચ તૈયાર કરવાનુ કામ શરૂ કરી દેવાયુ : પીચ તજજ્ઞ ધીરજ પરસાણા સહિતના નિષ્ણાંતોનો અભિપ્રાય લઇ ક્રિકેટ પીચને આંતરરાષ્ટ્રીય પેટર્ન પર તૈયાર કરાશે

ગાંધીનગર તા ૭

ગાંધીનગરમાં સે-૨૧ જીમખાના મેદાન ખાતે નવુ ક્રિકેટ સ્ડેડિયમ તૈયાર થઈ રહ્યુ છે જેમાં ક્રિકેટનુ સ્ડેડિયમમાં બેઠક વ્યવસ્થા તેમજ ખેલાડીઓના રૂમ સહીત આનુસંગિક વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી છે. જયારે હવે પીચનુ કામ શરૂ કરવામાં આવ્યુ છે. ક્રિકેટર ધીરજ પરસાણા સહીતના નિષ્ણાંત ખેલાડીઓ અને પીચ તજજ્ઞોના અભિપ્રાયના અંતે પીચ તૈયાર કરવાનુ કામ શરૂ કરી દેવાયુ છે. આ માટે વરસાદી દિવસોના અંતે નવસારી પાસેના ગણદેવી તેમજ ચીખલી પાસેથી વિશિષ્ટ માટી લાવીને પીચને તૈયાર કરાશે.

શહેરના સે-૨૧ માં નવા ક્રિકેટ સ્ટેડિયમનુ નિર્માણ કરવામાં આવી રહ્યુ છે. સે-૨૧ જીમખાનાના આ સ્ડેડિયમમાં અત્યાર સુધી સેંકડો મેચ રમાઈ ચુકી છે. જયારે છેલ્લા કેટલાક સમયથી સ્ટેડિયમ તેમજ ક્રિકેટ પીચનુ નવિનીકરણ હાથ ધરાયુ છે. આંતરરાષ્ટ્રીય કક્ષાની મેચ પણ આ ક્રિકેટ મેદાન પર રમી શકાય તે મુજબની પેટર્ન પર સ્ટેડિયમ તેમજ ગ્રાઉન્ડને વિકસાવામાં આવી રહ્યુ છે. આ પ્રોજેકટ પાછળ અંદાજિત રૂ ૨૫ કરોડનો ખર્ચ થશે. જયારે હાલ સ્ટેડિયમનુ કામ પુર્ણ કરી દેવાયુ છે જે અંતર્ગત ક્રિકેટરસિકો માટે નવી બેઠક વ્યવસ્થા તેમજ ખેલાડીઓ માટે નવા રૂમ સહીત આનુસંગિક સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. જયારે હવે ક્રિકેટના મેદાનનુ કામ પણ શરૂ કરી દેવાયુ છે. આ માટે ક્રિકેટના ખેલાડીઓનો પણ અભપ્રાય લેવામાં આવ્યો છે. ક્રિકેટર ધીરજ પરસાણાએ આ ક્રિકેટ પીચનો અભ્યાસ કરી આગળ પીચને ડેવલપ કરવા માટે જરૂરી સુચન પણ કર્યા છે. જે મુજબ તંત્ર દ્વારા હાલ ક્રિકેટનુ નવુ મેદાન તેમજ પીચને તૈયાર કરવા માટે કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. આગામી દિવસોમાં હજુ પણ નિષ્ણાંતો તબક્કાવાર પીચ તેમજ મેદાનની કામગીરીનો અભ્યાસ કરતા રહેશે. જીમખાના આ મેદાનમાં રણજીટ્રોફીની મેચ પણ રમી શકાય તે મુજબ સ્ટેડિયમ તેમજ પીચને અદ્યતન બનાવવામાં આવી રહી છે. ક્રિકેટ રસિયાઓ પણ આ સ્ટેડિયમના વિકાસને અનુલક્ષી ઉત્તસુક છે. જયારે ટુંક સમયમાં જ નગરના ક્રિકેટ રસિયાઓને

● અનુસંધાન પાના - ૭ પર




ઇન્ડીયન ઇન્સ્ટીટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત સ્ટેટ પબ્લિક યુનિવર્સિટી)

સેક્ટર-૧૫, મહાત્મા મંદિર નજીક, ગાંધીનગર - ૩૮૨૦૧૬

'ડ્રાફ્ટ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ -૨૦૧૯'માં સૂચિત સંકલ્પ સિધ્ધિને મૂર્તિમંત કરવા સમાવેશી, સાફલ્ય અને સર્વાંગીણ વિકાસના ધ્યેયને કેન્દ્રમાં રાખી IITE નીચે મુજબના અભ્યાસક્રમો પ્રસ્તુત કરે છે:

સર્ટિફિકેટ 51 આયામ | સ્નાતક બી.એ. (એજ્યુકેશન) | અનુસ્નાતક એમ.એ. (એજ્યુકેશન)

વિશેષતા

● Certificate in Education ( Allied Courses) 1 ટ્રાયમેસ્ટર (4 માસ ) — ૫૧ જેટલા વિવિધતા ધરાવતા શિક્ષણ વિદ્યાશાખાના પાયાના એકમોનો પરિચય કરાવતા સર્ટિફિકેટ કોર્સ

# જે સ્નાતક ઉમેદવાર ચાર સર્ટિફિકેટ કોર્સિસ પૂર્ણ કરશે તેને PG Diploma એનાયત કરવામાં આવશે.

● B.A. (Education) 6 સેમેસ્ટર — શાળામાં પ્રવૃત્ત શિક્ષક માટે જે શિક્ષણ વિદ્યાશાખામાં નવતર અને અદ્યતન કૌશલ્યો અને જ્ઞાનને સંવર્ધિત કરવા ઉત્સુક છે.

● M.A.(Education) 4 સેમેસ્ટર — શિક્ષક, શિક્ષક-પ્રશિક્ષક અને શિક્ષણવિદ્ માટે

આવો, શિક્ષણમાં શાળેય શિક્ષણને સંવર્ધિત કરવાના ધ્યેયને સિદ્ધ કરવા આપણે સહુ શિક્ષણના કૌશલ્યો અને જ્ઞાનની આપ-લે કરીએ, અદ્યતન બનાવીએ અને સંવર્ધિત કરીએ.

ઓનલાઈન અરજી www.iite.ac.in પર તા. ૦૯ સપ્ટેમ્બરથી કરી શકાશે.

હેલ્પ ડેસ્ક : ૯૭૨૬૬૩૧૮૧૦

ઈમેઈલ: onlineadmission@iite.ac.in

તારીખ : ૦૭-૦૯-૨૦૧૯ કુલસચિવ, આઈ.આઈ.ટી.ઈ.


## ગણેશ વિસર્જન દરમિયાન અપ્રિય ઘટના ના બને તે માટે તંત્ર સતર્ક છે : કલેક્ટર

ગાંધીનગર, તા. ૭

ગણેશ વિસર્જન દરમ્યાન કોઈ અપ્રિય ઘટના ન બને તે માટે તંત્રને સતર્ક રહેવા તેમજ ૧૨મી સુધી નદી અને કેનાલ પર પુરતો પોલીસ બંદોબસ્ત રાખવા તેમજ સંવેદનશીલ સ્થળોએ એન.ડી.આર.એફ.ની ટીમો પણ તૈયાર રાખવાની સૂચના જિલ્લા કલેક્ટરે આપી છે.

જિલ્લામાં ગણેશ વિસર્જન અંગેની તૈયારીઓની સમીક્ષા માટે બોલાવાયેલ બેઠકમાં જણાવાયા મુજબ સંતસરોવર પાસે ગણેશ વિસર્જન માટે કુંડ બનાવાયો હોવાનું જણાવાયુ હતુ.

ભાટ અને કરાઈ જેવા સંવેદનશીલ વિસ્તારોમાં પણ ગણેશ વિસર્જન માટે શિસ્ત સાથે લોકો નદીમાં ન જાય પણ તંત્ર દ્વારા ઉભી કરેલી વ્યવસ્થામાં સહયોગ આપે તે રીતે પોલીસ બંદોબસ્ત ગોઠવવા પણ સૂચના અપાઈ હતી.

# મેલેરિયા નાબુદીમાં લોકોની જાગૃતિ અને સહયોગ જરૂરી : ડૉ. જેબલપુરા





ગાંધીનગર, તા. ૭

૨૦૨૨ સુધીમાં ગુજરાતમાંથી મેલેરિયા નાબુદ કરવાનો લક્ષ્યાંક છે ત્યારે લોકોની જાગૃતિ પણ આ માટે એટલી જ જરૂરી છે. મેલેરિયા એ સામાન્ય છે પરંતુ તે જીવલેણ પણ બની શકે છે અને તમારા બાળકને પણ તે નબળુ બનાવી શકે છે તેમ સંયુક્ત નિયામક જેબલપુરાએ આજે રૂપાલ ખાતે મચ્છરદાની વિતરણ કરતા કહ્યુ હતુ.

પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જેસલપરાએ મેલેરિયા તેમજ વાહકજન્ય રોગચાળાથી બચવા જે દવાયુક્ત મચ્છરદાની આપવામાં આવી છે તેનો પુરેપુરો ઉપયોગ કરજો તેવી શીખ પણ સગર્ભા બહેનોને આપી હતી.

ડૉ. જેબલપુરાએ કહ્યુ કે મચ્છરદાની ધોઈ શકાય છે પરંતુ તેને તડકામાં સુકવવાની નથી. તમે એનો ઉપયોગ કરજો. વારંવાર વાળીને મુકી દેવાની એવુ નહિ પણ સતત બાંધેલી રાખી અને તેનો ઉપયોગ કરશો. તેમણે વાહકજન્ય રોગચાળાને અટકાવવા સરકારે લીધેલાં પગલાંની વિગતો આપી કહ્યુ હતુ કે તાળી એક હાથે પડી શકે નહિ લોકોએ પણ જાગૃતિ દાખવી અને તેમાં સહયોગ આપે એ જરૂરી છે.

આ પ્રસંગે જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. સોલંકી, રાજયના ઈન્ચાર્જ મેલેરિયા અધિકારી સુશ્રી મમતાબેન દત્તાણી, રાજયના વાહકજન્ય રોગના અન્ય અધિકારીઓ તેમજ આરોગ્ય શાખાના અધિકારીઓ અને લાભાર્થી બહેનો મોટી સંખ્યામાં હાજર રહી હતી.


ચૌદમી પુણ્યતિથિએ સ્મરણાંજલિ



ધામવાસી : જયાબેન કરસનદાસ સોનેરી

ધામગમન : તા. ૮/૯/૨૦૦૫ (ઋષિપંચમી)

આપની હયાતી અમારી પ્રેરણા હતી. આપના આદર્શ અમારા માર્ગદર્શન હતા. આપનું સાદગીભર્યું જીવન, ઉચ્ચ વિચારો, માયાળુ સ્વભાવ, લાગણીશીલતા અમો જીવનભર ભૂલશું નહી. પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના

લી.

યશરાજ અશોકકુમાર સોનેરી — અશોકકુમાર કરસનદાસ સોનેરી
ક્રિષ્ણરાજ અશોકકુમાર સોનેરી — નિરૂબેન અશોકકુમાર સોનેરી

'રાજતિલક', પ્લોટ નં. ૮૨૧, સેક્ટર-૬/સી, ગાંધીનગર



**THE SECOND SCHEDULE**
(See Section 476)

**FROM NO. 1**
**SUMMONS TO AN ACCUSED PERSON**
**(See Section 61)**

To the Accused — SCC 910/2013
Mr. Kapil G. Gondaliya — Next Date : 01/10/19
Prop. Quill Electrotec Pvt.Ltd.,
R/o-314/B-2, 3rd Floor, Super Mall-1,
Infocity Gandhinagar - 382002. Gujarat.

WHERAS. Your attendance is necessary to answer to a charge of 138 of N.I. Act 1881, You are hereby required to appear in Person, (or by Pleader, as the case may be) before the (Magistrate) of Jt. Judicial Magistrate, First Class, Cantinment Court, Camp, Pune, Maharashtra on the day of 01st October, 2019, Herein fail not.

Dated, this day of 03rd September, 2019

(Seal of the Court)

Asst. Superintendent
Judicial Magistrate, First Class
Camtonment Court, Pune
(Maharashtra)


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com